**ફોજદારી અપીલ નં.૯૦/૨૦૨૫**

**–:: આંક–૧ નીચે હુકમ ::–**

(૧) પક્ષકારો વચ્ચે મીડીએશનમાં સમાધાન થયેલ છે. આજરોજ લોક અદાલતમાં સમાધાન રજુ થયેલ છે. તેઓએ અત્રેની કોર્ટમાં આંક–૨૫ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. આજરોજ એપેલેન્ટ તથા રીસ્પોન્ડન્ટ અને તેના વિ.વ.શ્રીઓ હાજર છે. જેમાં એપેલન્ટ તથા તેના વિ.વ.શ્રી આર.બી.ગોજીયાની સહી છે. રિસ્પોન્ડન્ટ તથા તેના વિ.વ.શ્રી એચ.વી.બંધીયાની સહી છે. આંક–૨૫ની પુરસીસ વંચાણે લેતા પક્ષકારો વચ્ચે રાજીખુશીથી અને મુકત સમંતિથી સમાધાન થયેલ હોવાનું જણાવેલ છે. પક્ષકારોને આ સમાધાન પુરસીસ વાંચી, સંભળાવી સમજાવતા સમાધાન પુરસીસમાં કરેલ કથનો કબુલ રાખેલ છે. જેથી પક્ષકારો વચ્ચેનું સમાધાન નોંધવામાં આવે છે.

(૨) ફરીયાદવાળા ચેક પેટે એપેલન્ટે રીસ્પોન્ડન્ટ (મુળ ફરિયાદી)ને આંક–૨૫ની સમાધાન પુરસીસની હકીકત મુજબ લેણી રકમ ચુકવી આપવા સહમતી આપેલ છે. આ હકીકત બંને પક્ષકારોએ સમાધાન પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે. આ હકિકત લક્ષમાં લેતા એપેલન્ટ/આરોપીને નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુનામાંથી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૪૭ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૩) વિ.ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નં.૧૪૨૧/૨૦૨૪ નાકામે તા.૧૫/૧૦/૨૫ ના રોજ કેદ, દંડ તથા વળતર અંગે કરેલ હુકમ રદ કરવામાં આવે છે.

(૪) નામદાર સર્વોચ્ચ અદાલતે SANJABIJ TARI V/S KISHORE S. BORCAR & ANR. (ફોજદારી અપીલ નં.૧૭૫૫/૨૦૧૦, નિર્ણય

તા.૨૫/૯/૨૫) ના કેસમાં  આપેલ ચુકાદા જોતા એપેલન્ટે ફરીયાદવાળા ચેકની રકમના ૭.૫% (રૂા.૧૮,૭૫૦/–)કોસ્ટ તરીકે જીલ્લા કાનૂની સેવા સમિતી, ખંભાળીયા, જીલ્લો : દેવભૂમિ દ્વારકામાં જમા કરાવવા. જો એપેલન્ટ કોસ્ટની રકમ દિવસ–૩૦માં જમા કરાવવામાં નિષ્ફળ જાય તો સચિવશ્રી, જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, ખંભાળીયાએ વિ.ટ્રાયલ કોર્ટને રીપોર્ટ કરવો. વિ.ટ્રાયલ કોર્ટે પકડ વોરંટ કાઢી એપેલન્ટને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવા અને આ હુકમ આપોઆપ રીકોલ થયેલો ગણાશે અને વિ.ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ એપેલન્ટે કેદની સજા ભોગવવાની રહેશે.

(૫) હુકમની એક નકલ યાદી સાથે સચિવશ્રી, જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, ખંભાળીયાને તથા વિ.ટ્રાયલ કોર્ટને આગળની કાર્યવાહી તથા જાણ અર્થે મોકલવી.

આ હુકમ આજ તારીખ ૧૪/૩/૨૦૨૬ના રોજ લોક અદાલતમાં મારી સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૧૪/૩/૨૦૨૬
(એ.એ.માડમ)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ,
જી. દેવભૂમિ દ્વારકા, મું. ખંભાળીયા.
(Unique ID Code : GJ-00345)